સંદેશ, પાના નં. ૧૪, તા. ૨૩.૦૩.૨૦૨૫

# મોટેરા સ્ટેડિયમમાં IPL મેચના દિવસે રાતના ૧૨:૩૦ સુધી મેટ્રો દોડાવાશે

। અમદાવાદ ।

IPL ક્રિકેટ મેચને લઈને અમદાવાદ મેટ્રો દ્વારા અઢી કલાક વધુ એટલેકે રાતના ૧૨:૩૦ સુધી મેટ્રો દોડાવાશે. તા.૨૫ અને ૨૯ માર્ચ, તા.૯ એપ્રિલ, તા.૨ અને પાંચ મે ના રોજ નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમથી અમદાવાદના વાસણા અને વસ્ત્રાલ બંને કોરીડોર માટે દર ૬ મિનિટે ટ્રેન દોડાવાશે. રાતના ૧૦ થી ૧૨:૩૦ સુધીના લંબાવાયેલા સમય દરમિયાન માત્ર મોટેરા અને સાબરમતી મેટ્રો સ્ટેશનેથી જ મેટ્રોમાં બેસી શકાશે.

ક્રિકેટ મેચ દરમિયાન હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડતા હોવાથી ટિકિટ બારી પર ભીડ ન જામે, ભાગદોડ ન મચી જાય, અવ્યવસ્થાનો માહોલ ન સર્જાય તે માટે મેટ્રો દ્વારા અગાઉથી જ રિટર્ન ટિકિટ માટે સ્પેશિયલ પેપર ટિકિટ બહાર પાડશે. આ ટિકિટ ૨૪ના દિવસ દરમિયાન નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, કાલુપુર, ઓલ્ડ હાઈકોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ અને જીવરાજ મેટ્રો સ્ટેશનેથી અગાઉથી ખરીદી શકાશે. આ રિટર્ન પેપર ટિકિટનું વ્યક્તિદીઠ ભાડું ૫૦ રૂપિયા રખાયું છે. આ ટિકિટ ખરીદી મુસાફર મોટેરા અને સાબરમતી સ્ટેશનેથી બેસીને અમદાવાદના કોઈપણ મેટ્રો સ્ટેશને ઉતરી શકશે.